સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

મગફળીમાં માટીનો ટેકો થઈ જાય છે !
તૂવેરમાં ભેળસેળનો ટેકો થઈ જાય છે!
ખાઈ જાય છે ખાતર પણ તોલ-મોલમાં -
ટેકાથી તંત્રને મોટો ટેકો થઈ જાય છે !

હાઈકુ

ખાય છે બધું
તંત્ર છે ભૂંડ જેવું -
કરે સફાઈ !

ભાવમાં ટેકો -
છે ખાયકીનો ઠેકો,
મિલી-ભગત

ચિંતન

સમાની વ સાકૂતિઃ સમાના હૃદયાનિ વઃ ।
સમાનમસ્તુ વો મનો યથા વઃ સુસહાસતિ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

અમારું હૃદય, મન અને સંકલ્પ એક જ હોય, જેનાથી અમારું સંગઠન ક્યારેક બગડે નહિ.

સંગઠન, સહયોગ અને મૈત્રીભાવ સ્વસ્થ સમાજનાં આવશ્યક અંગો છે. સમાજમાં દરેક પ્રકારના માણસો હોય છે. મૂર્ખ, વિદ્વાન, રોગી, સ્વસ્થ, નાસ્તિક-આસ્તિક, ભોગી-ત્યાગી વગેરે પરસ્પર વિરોધી પ્રકૃતિના માણસો ચારે બાજુ દેખાય છે. દરેક માણસનો દૃષ્ટિકોણ, વિચાર, અનુભવ, અભ્યાસ, જ્ઞાન, સ્વાર્થ, રૂચિ, અને સંસ્કાર જુદા જુદા હોય છે. એટલે બધા એકસરખું વિચારી શકતા નથી. તેથી એ જરૂરી છે કે દરેક માણસ બીજા પ્રત્યે અસહિષ્ણુ અને ઉદાર બને. મતભેદ રાખનારને મૂર્ખ, અજ્ઞાની, દુરાગ્રહી, દુષ્ટ અથવા વિરોધી માની લેવો યોગ્ય નથી. સહિષ્ણુતા જ સંગઠનનો પ્રાણ છે. તેના આધારે સમાજમાં બધાના હૃદય, મન અને સંકલ્પ એક જ દિશામાં ચાલે છે અને દરેક ક્ષેત્રમાં ઉન્નતિ થાય છે.

અસહિષ્ણુથી સમાજમાં ઠગાઈ, વિશ્વાસઘાત, ક્રોધ, વેરઝેરનો જનમ થાય છે અને અરાજકતાનું વાતાવરણ સર્જાય છે. સમાજ અને કુટુંબની સર્વતોમુખી પ્રગતિ માટે એ જરૂરી છે કે લોકો બીજાના વિચારોને મહત્ત્વ આપે, સારી સાચી વાતો ને માને અને ખોટી વાતોનો પ્રતિકાર કરે. પોતાના સન્માન અને સહિષ્ણુતામાં સંગઠનની શક્તિ સમાયેલી છે.

સુવિચાર

- કિરદાર કી અઝમત કો ગિરને ન દિયા હમને,
  ધોખે તો બહુત ખાયે લેકિન ધોખા ન દિયા હમને... - **બાલકૃષ્ણ ત્રિપાઠી**
- કયારેક કયારેક હાર એ જીત કરતા પણ ખૂબ જરૂરી છે,
  તેનાથી અભિમાન નિયંત્રણમાં રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કામ ધંધાથી કંટાળીને જે લોકો બાવા બની જાય છે...
  એવા લોકો પાસે લોકો કામ ધંધો સારો ચાલે એવા તાવીજ બનાવડાવે છે - **ચિંતન પંડિત**
- સાહેબ... જીવનનો fuse ઉડે તે પહેલાં, તેનો સાચો use કરી લેજો... - **બંકીમ પરીખ**
- થવું તો બુદ્ધ છે, પરંતુ મન કયાં શુદ્ધ છે... - **પરવેઝ મિસ્ત્રી**
- લોકોની ટીકાથી આપણે આપણો માર્ગ ન બદલાય કારણ કે સફળતા
  શરમથી નહીં સાહસથી જ મળશે - **મોરારિ બાપુ**
- આજનું ઓષધ : ફુદીનાનો રસ, ડુંગળીનો રસ, લીંબુનો રસ સરખે ભાગે લઈ પીવાથી ઉલ્ટી અને ઝાડામાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મંદિરની બહાર એક અપંગ ભિખારી ભીખ માગતો હતો. મંદિરમાં આવતા-જતાં લોકો પાઈ-પૈસો નાખી જતા. તો કોઈ હડધૂત કરતા. એક દિવસ એક યુવાન હાથમાં મોટા સરસ સુગંધી લાલ ગુલાબનો ગુલદસ્તો લઈ કોઈ પ્રસંગમાં જતો હતો. તેણે પેલા અપંગ ભિખારીને જોયો. એને એક વિચાર આવ્યો. એને થયું મોટા શેઠને ત્યાં પ્રસંગમાં ઘણા લોકોને આમંત્રણ હશે. અને એમને ગુલદસ્તો આપવા વાળા પણ ઘણા હશે. શેઠને ફુલો આપ્યા બાદ શેઠ તો તે ફૂલોને કચરાપેટીનાં હવાલે જ કરશે. એના કરતા આ ભિખારીનું કલ્યાણ કરવું જોઈએ. તે યુવાને ભિખારીને ભીખ આપવાને બદલે પોતાનો રૂમાલ કાઢ્યો. પેલા ગુલદસ્તામાંથી એક-એક ગુલાબ છૂટા પાડી રૂમાલ પર વ્યવસ્થિત ગોઠવ્યા. પછી તેણે પોતાના ખીસ્સામાંથી પાંચ રૂપિયા ભિખારીને આપ્યા અને એક ગુલાબ લીધું. યુવાને પેલા ભિખારીને સમજાવ્યું કે ભીખ માંગવા કરતા ફૂલ વેચીને મહેનત કરીને પૈસા કમાવા સારા છે. અપંગ ભીખારી સમજી ગયો. સાંજ સુધીમાં બધા જ ગુલાબ વેચાઈ ગયા. પૈસા મળ્યા અને ભિખારીને એક સાચી દિશા. બીજે દિવસે ભિખારી નવા ફૂલ લાવીને વેચવા બેઠો. તેના બધા સુંદર ગુલાબના ફૂલો વેચાઈ ગયાં. દિવસો વિત્યા. ભિખારીએ મંદિર પાસેની ફૂટપાથ ઉપર ફૂલોની દુકાન શરૂ કરી. ઘણા મહિનાઓ બાદ ગુલાબ આપી રસ્તો બતાવનાર યુવાન ત્યાંથી પસાર થયો. ભિખારીએ... જે હવે ભિખારી ન હતો... નાનો ફુલોનો વેપારી હતો. તેણે યુવાનને જોયો. આભાર માન્યો. યુવાન ને અપંગ ભિખારીની પ્રગતિ જોઈ ખુશી થઈ.

યુવાનના એક સારા વિચાર... અને પેલા સુંદર ગુલાબના ફૂલોએ ભિખારીનું જીવન બદલી નાખ્યું. હવે તે સ્વમાનથી મહેનત કરી કમાતો ફૂલવાળો હતો.

સામંતી માનસિકતા બદલવી જરૂરી છે

તંત્રીસ્થાનેથી...

સનાતન હિન્દુ ધર્મની સૌથી મોટી મર્યાદા એમાં પરંપરાથી ચાલી આવતી વર્ણવ્યવસ્થા છે. મનુસ્મૃતિ જેવા ઉત્તમ ગ્રંથમાં એનું સમર્થન થયેલું હોઈ આપણા બંધારણના ઘડવૈયાએ એની જાહેરમાં હોળી કરી હતી અને હિંદુ ધર્મ છોડી બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો. મનુસ્મૃતિમાં મનુષ્યને ચાર વર્ણોમાં વહેંચી એમની વચ્ચે ભેદરેખા દોરવામાં આવી છે. શૂદ્ર એ સૌથી નીચી પાયરીના લોકો ગણાયા છે જે હકીકતમાં સમાજની સેવા કરે છે. સફાઈ જેવું અતિમહત્ત્વનું કાર્ય કરે છે. ભારતની આઝાદીની ચળવળ દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકરે સ્વતંત્ર ભારતમાં આ શૂદ્ર વર્ણને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ જેવા વર્ગમાં અલગ તારવી એના માટે અલગ મતાધિકાર અને મતદાર મંડળોની માગણી કરી હતી. મહાત્મા ગાંધી હિન્દુ સમાજને વિભાજિત થવા દેવા નહોતા માગતા એટલે તેઓ આ મુદ્દે ઉપવાસ પર બેઠા હતા. આજાર તબિયતના રાષ્ટ્રપિતાની જિંદગી બચાવવા માટે આંબેડકરે એમની માગણી પડતી મૂકીને 'પૂના કરાર' પર હસ્તાક્ષર કર્યા હતા જેની ફલશ્રુતિ તે આજની અનામત વ્યવસ્થા છે. દેશ આઝાદ થાય એ કરતાં કેટલાંક દૂષણોથી મુક્ત થાય તે બાબતને મહાત્મા ગાંધી વધુ અગત્યની બાબત માનતા હતા. અસ્પૃશ્યતા એ હિંદુ સમાજનું કલંક છે જેમાં માણસ માણસથી અભડાય છે. આ કલંકને બંધારણની રૂએ તો નાબૂદ કરી દેવાયું, બલકે એ પછાત રહી ગયેલી જાતિઓને લોકશાહી ઢબે ચૂંટાઈને છેક રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચવાની તક પણ સાંપડી. પરંતુ સવિશેષ ગ્રામીણ વિસ્તારોમાં આઝાદીનાં સિત્તેર વર્ષ વીતી ગયા પછી પણ હજી પેલી સામંતી માનસિકતા અકબંધ રહી છે. હમણાં બનેલી કેટલીક કમનસીબ ઘટનાઓ એની સાહેદી પૂરે છે. દલિત જાતિના લોકો સવર્ણોની જેમ ગામમાં વરઘોડો નથી કાઢી શકતા. એમને સામુહિક ભોજન પ્રસંગે અલગ બેસાડવામાં આવે છે, દલિતો પણ પરંપરાગત લઘુતાગ્રંથિથી પીડાઈને સવર્ણોની આ જોહુકમી સહન કરતા રહ્યા છે. જ્યારે કોઈ શિક્ષિત અને ખાધેપીધે સુધી પરિવાર લગ્નપ્રસંગે વરઘોડો કાઢવાની હિંમત કરે છે ત્યારે એને અટકાવવાનો પ્રયાસ કરાય છે. આખરે પોલીસ રક્ષણ હેઠળ વરઘોડો નીકળે છે ત્યારે પણ સવર્ણોનો વિરોધ તો ચાલુ જ રહે છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તથા અન્યત્ર આવી ઘટનાઓ હમણાં જ બની છે જેને લીધે સામાજિક સમરસતા જોખમાઈ છે. આમાં સરકાર કરતાં વધુ તો પરંપરાગત સામાજિક ભેદભાવવાળી માનસિકતા જ જવાબદાર છે. વ્યાપક લોકશિક્ષણ અને કાયદાનું ચુસ્ત પાલન એનો ઉપાય જરૂર બની શકે પરંતુ જ્યાં સુધી જાતિવ્યવસ્થા નાબૂદ નહીં થાય ત્યાં સુધી આપણા લોહીમાં રસાઈ ગયેલા ઝેરી વિષાણુ સંપૂર્ણપણે મરવાનાં નથી. દુનિયાભરમાં ભારતને હીણું દર્શાવતી આવી ઘટનાઓ ગાંધીના અને મોદીના ગુજરાતમાં બની રહી છે તે ઘણી જ શરમજનક બાબત છે. ગાંધીજી હયાત હોત તો આ મુદ્દે આમરણાંત ઉપવાસ પર બેસી ગયા હોત. પરંતુ ગાંધીની પેઢી તો ક્યારની પૂરી થઈ ગઈ છે. દેશને મહાસત્તા બનાવવાનાં સપનાં સાકાર કરવાં હશે તો પહેલાં માનવાધિકાર મુદ્દે ચુસ્ત કામગીરી કરવી પડશે.

નિશ્છલ અને સાચો પ્રેમ

નવાં કલેવર
નટવર હેડાઉ

તે ડ્રાઈવ કરતાં વિચારી રહ્યો હતો... કે ક્યારે ઘેર પહોંચીને કવિશા પાસેથી તેણે લખેલ બધાં જ પુસ્તકો મેળવી લઈ અને તે બધાં જ એક રાતમાં વાંચી કાઢે. આજ જયારે તેણે કૌશલ પાસેથી તે પુસ્તકોનાં વખાણ સાંભળ્યા તો અવાક્ થઈ ગયો.

આમ તો કૌશલ એકલો શું કામ... સ્ટાફના બધા સહ કર્મચારીઓ તે પુસ્તકનાં વખાણ કરતાં થાકતા ન હતા. ખુબ જ તન્મયતા પૂર્વક અનેકવાર સ્ટાફના કર્મચારીઓને કોઈ પુસ્તક વાંચતા અને તેના પર ચર્ચા કરતા તેણે સાંભળ્યા હતા. પણ આ બધું નકામું છે...આજકાલ કોની પાસે ટાઈમ છે... આવું બધું વાંચવાનો... આ જમાનો તો પૈસો બનાવવાનો છે.' એમ વિચારીને જ તેણે કયારેય પુછેલું નહીં. કવિતા શો દર વખતે તેના પ્રકાશિત પુસ્તકની પ્રથમ પ્રત તેણે જ આપે છે, પણ તેને એમ લાગે છે કે કવિશા ને આ નકામું ઘેલું લાગ્યું છે, ધૂની છે ધૂનમાં આવે તે ઝનૂનપૂર્વક કરતી રહે છે.

તેમાં આજ વળી અચાનક ઓફિસમાં બધા જ લોકોને ખાસ કરીને પુરુષોને લંચ સમયે કોઈ પુસ્તક બાબતે ચર્ચા કરતાં સાંભળ્યા. 'આ કવયત્રીની કવિતાઓમાં એટલી બધી આત્મીયતાનો અહેસાસ થાય છે જે જરૂર કોઈ ખાસ વ્યક્તિ માટે હોવો જોઈએ....'

'અરે, ખાશ શું, એમ જ લાગે છે કે આ કવિતાઓમાં બિચારીએ બધું જ અભિવ્યક્ત કરી દીધું છે. કેવા પવિત્ર પ્રેમ લાગણી સભર સંવેદનાને રજૂ કરી છે. તેના આ શબ્દો કોઈ ઈબાદતથી કમ નથી. આજના યુગમાં આવો નિર્છલ પ્રેમ કોણ કરે છે. જેમાં દેહથી ઉપર આત્મીયતાને સ્વીકારી હોય, ફક્ત શ્રદ્ધા અને સમર્પણ... અરે ભાઈ, કોઈ કદાચ કરે તો પણ તેને માને કોણ ? કાશ કોઈ એવો પ્રેમ આપણને પણ કરે...'

આ વાતો એ જ કૌશલના હાથમાંથી પુસ્તક લઈ જોવા માટે તેને મજબૂર કર્યો. એક બે પાનાં ફેરવતાં જ લાગ્યું કે ખરેખર કવયત્રીએ તેની સંવેદનાઓનો સાગર છલકાવી દીધો છે. આવા જ રૂમાનિયત ભર્યા પ્રેમની તો તેણે પણ તલાશ હતી. વ્હોટ્સઅપ અને ફેસબુક પર આખી રાત.... ઉત્સુકતા પૂર્વક મુખપૃષ્ઠ પર નામ વાંચ્યું... તેને એમ લાગ્યું કે જાણીતું છે. તેને એ ઓળખે છે. અરેરે... 'કવિશા' તેની પોતાની કવિશા, તેની પત્ની ...! કૌશલ અવાક્ રહી ગયો ઉફ્ કેવા ઊંડાણપૂર્વકના વિચારો... કેટલા ઉમદા અહેસાસ...

વ્હોટ્સએપ અને ફેસબુક પર શબ્દોની ભ્રમજાળમાં પ્રેમને શોધતાં તેને ક્યારેક આવો અનુભવનો અહેસાસ નથી થયો.

નિશ્છલ અને સાચો પ્રેમ તેનાથી કેટલો નજીક હતો.

'આ કવયત્રીની કવિતાઓમાં એટલી બધી આત્મીયતાનો અહેસાસ થાય છે... જે જરૂર કોઈ ખાસ વ્યક્તિ માટે હોવો જોઈએ....'

દરેક સંતાનો સાથે મા-બાપનો યોગ્ય અને વાજબી વ્યવહાર

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

મધ્યમ કક્ષાના શહેરમાં રહેતું એક નાનું કુટુંબ. એ કુટુંબમાં પતિ-પત્નિ અને તેમની બે દીકરીઓ. પતિ-પત્નિ બંને સરકારી અધિકારી. બંને દીકરીઓને બચપણથી જ લાડકોડમાં ઉછેરી અને તેઓના અભ્યાસ અને ઘડતરમાં પૂરું ધ્યાન આપ્યું. બંનેએ દીકરીઓએ ઉચ્ચ અભ્યાસ કર્યો. જોતજોતામાં બંને દીકરીઓ યુવાન થઈ ગઈ પરણાવવા લાયક પણ થઈ ગઈ.

મોટી દીકરીનો અભ્યાસ પૂરો થયો. તે અભ્યાસમાં ખૂબ જ હોશિયાર હોવાને કારણે તેને અભ્યાસ પૂરો થયો પછી તરત જ સારી નોકરી મળી ગઈ અને સારું એવું કમાવા પણ લાગી. એ સમયે નાની દીકરોનો અભ્યાસ ચાલુ હતો.

મોટી દિકરી દેખાવે સુંદર અને આકર્ષક હતી. સ્માર્ટ હતી. મળતાવડી અને એક જ નજરે કોઈની પણ આંખ, મન અને હૃદયમાં વસી જાય એવી હતી. ટૂંકમાં તેનું વ્યક્તિત્વ મોહક હતું. રસોઈ બનાવવા સહિત ઘરનું બધુ જ કામકાજ પણ સારી રીતે જાણતી હતી. કુટુંબની જવાબદારીઓ સમજી પણ શકે એ જવાબદારીઓ ઉપાડી પણ શકે એવી કુશળતા એ દીકરીમાં હતી. દીકરી બધી જ રીતે કુશળ હતી, દેખાવમાં પણ આકર્ષક હતી ને સારી નોકરી હતી એટલે મા-બાપને એ દિકરી વિશે કશી જ ચિંતા ન હતી.

નાની દિકરી મોટી દીકરીની સરખામણી બધી જૂતે થોડી નબળી અતિ. અભ્યાસમાં થોડી સાધારણ હતી. ઘરમાં નાની હોવાને કારણે વધારે લાડકોડમાં ઉછરેલી હતી એટલે જિદ્દી અને પોતાનુ જ ધાર્યું કરનારી હતી. દેખાવે કદરૂપી ન હતી પણ મોટી દિકરી જેવી સુંદર અને મોહક પણ ન હતી. ઘરમાં માતા અને મોટી બહેનની છત્રછાયામાં તેનો ઉછેર થયો હોય ઘરકામ અને રસોઈ બનાવવાની જવાબદારી ક્યારેય સંભાળી ન હતી આટલે રસોઈ પણ ખાસ આવડતી ન હતી. એવી જ રીતે ઘરની અને કુટુંબની અન્ય જવાબદારીઓ નિભાવી શકે એવી આવડત પણ તેનામાં વિકાસ પામી ન હતી. એ થોડી બિન્દાસ્ત, થોડી નટખટ, થોડી રમતિયાળ, થોડી બેપરવાહ અને થોડી છોકરમત સ્વભાવની હતી. એ દીકરી નોકરી પણ ના કરતી હોય મા-બાપને એ દીકરીની હંમેશા ચિંતા રહેતી હતી.

દિકરીઓ ઉમરલાયક અને પરણાવવા લાયક થાય એટલે સ્વાભાવિક છે કે મા-બાપને તેના વિષે ચિંતા થાય. એ દીકરીઓના મા-બાપે વિચાર્યું કે મોટી દિકરી તો પગભર છે, સારી નોકરી છે, સારું એવું કમાય છે, સુંદર અને દેખવાડી પણ છે એટલે તેને તો ખાસ કોઈ મહેનત વગર કોઈપણ સમયે સારો છોકરો અને સારું ઘર મળી જશે પણ નાની દીકરી માટે ખાસ મહેનત કરવી પડશે.

આ માન્યતા સાથે મા-બાપે મોટી દિકરી ઉપર થોડું ઓછું ધ્યાન આપીને નાની દિકરી ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું. તેને વહેલી તકે પરણાવવા માટેના ચકો તેજ રીતે ગતિમાન કર્યા. નાની દીકરીની સરખામણીએ મોટી દિકરી વધારે સુંદર હતી તેથી નાની દીકરીને જોવા આવનાર છોકરા પક્ષનું તેના ઉપર ધ્યાન ના જાય એવી કાળજી રાખતા છોકરપક્ષવાળા નાનીને જોવા આવે ત્યારે મોટી દીકરીને તેઓ સમક્ષ આવવા ના દે. ક્યારેક તો એ સમય દરમ્યાન દીકરીને ઓઝલમાં રાખતા અથવા તો બહાર મોકલી દેતાં. ક્યારેક તો એવું પણ બનતું કે નાની દીકરીની ક્યાંય વ્યવ્હારિક વાતચીત ચાલતી હોય તો મોટી દીકરીને તને જાણ પણ ના થતી. આ રીતે નાની દીકરીના કેટલાક ઠેકાણા જોયા, આવું થોડો સમય ચાલ્યું અને એક દિવસ નાની દીકરીનું ઠેકાણે પડી ગયું. સગાઈ પછી તાબડતોબ ધામધૂમથી નાની દીકરીના લગ્ન પણ કરી નાખ્યા અને તેને સાસરે વળાવી દીધી. માં-બાપની પોતાની ઈચ્છા મુજબનું નાની દીકરીને ઘર અને વાર મળી ગયા એટલે તેઓને " ગંગ ન્હાયા" એવી લાગણી થઈ અને પોતાની મોટી જવાબદારી પૂરી થઈ એટલે હાશકારો અનુભવ્યો.

ભગવદ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે;

સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયો
શિતોષ્ણસુખદુઃખેષુ સમઃ સગ્વિવર્જિતઃ
તુલ્ય નિંદાસ્તુતિર્મૌની સંતુષ્ટો યેન કેનચિત
અનિકેતઃ સ્થિરમતિર્ભક્તિ માન્મે પ્રિયો નરઃ
(ભગવદ ગીતા અધ્યાય ૧૨ :શ્લોક ૧૮-૧૯)

અર્થાત; જે શત્રુ કે મિત્રમાં અને માન કે અપમાનમાં સમ છે તથા ઠંડી, ગરમી અને સુખ દુખ આદિ દ્વાન્દ્વોમાં સમ છે અને આસક્તિ વિનાઓ છે અને જે નિંદા-સ્તુતિને સમાન સમાજનાર, મનનશીલ અને ગમે તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ થતાં સદા સંતુષ્ટ છે તથા રહેવાના સ્થાનમાં મમતા અને આસક્તિ વિનાનો છે એ સ્થિર બુધ્ધિનો ભક્તિમાં માણસ મને પ્રિય છે.

ટૂંકમાં આ શ્લોકમાં કહ્યું કે જે વ્યક્તિ દરેક સાથે સમભાવ રાખે અને સમવ્યવહાર કરે એ વ્યક્તિ શ્રીકૃષ્ણને પ્રિય છે. આમ આ શ્લોકમાં દરેક વ્યક્તિ સાથે સમવ્યવહાર અને સમવર્તનની ભગવાન શ્રીકૃષ્ણએ શીખ આપી છે.

(ક્રમશઃ)

કૃષિ, શિક્ષણ, રોજગાર અને જળ પ્રબંધન- પડકાર રૂપ ક્ષેત્રો

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

હાલમાં સવાર થાય ત્યાંથી રાત પડે તે સમય દરમ્યાન સમાજ આખો બે બાબતોથી તણાવ અનુભવે છે જેમાં એક આવક કમાવવી અને બીજું પીવાના પાણીનું શું થયું... એ જોવા મળે છે. ચૂંટણી હવે પૂર્ણ થવામાં છે મતદાનથી નવી સરકાર જેનું સમર્થન લોકોનું હશે તે બનશે, પણ નવી જે કોઈ પક્ષની સરકાર બનશે તેની સામે પડકાર ઘણાં છે. સમાજમાં થતી ચર્ચાઓ સાંભળતા એવો જ સુર વ્યકત થતો હતો કે જે ઓછો ખરાબ છે તેને મત આપ્યો છે !! બધામાં પસંદગી કરવા વખતે ઉત્તમ હકીકતોની વાત જ કયો ઉચ્ચારાઈ નથી - આ લોકમતની એક છબી પણ છે. ઓછા ખરાબને મત આપવાથી કદાચ કંઈક સારી નવી સરકાર બને તો પ્રજાહિત શકય બનતું રહે. લોકશાહીમાં દરેકને ચૂંટણી લડવાનો અધિકાર હોય છે પણ સામાન્ય નાગરિક લડી શકે તેવી સ્થિતિ જ નથી. આટલા વિશાળ દેશમાં બુદ્ધિમતા અને નિષ્ઠાવાન લોકોની કમી નથી પણ આપણે ઉભી કરેલી વ્યવસ્થામાં ગણ્યાં-ગાંઠ્યા લોકો જ ઊભા રહે છે અને કઠણાઈ જુઓ કે આ માટે ના કોઈ ન્યૂનત્તમ માપદંડ જેમાં શિક્ષણ, ઉંમર, અનુભવ વગેરેનું કોઈ સ્થાન જ નથી. મતલબ કે ઈલેકશન લડવાની ટિકીટ વહેંચતી વખતે દરેક પક્ષ માત્ર એ જ જુએ છે કે ઉમેદવાર મત કેટલા લાવી શકશે... આ વિચારધારાને કારણે જ આપણી ચૂંટણીઓ અંતે આપત્તિકારક બની ને રહે છે. તાલુકા, ગામ, રાજયથી દેશની ચૂંટણીઓમાં કદી સજ્જનો આગળ જાય તેવી હાલત પણ રહેવા દીધી નથી. આગળના વર્ષોમાં મજબૂત લોકશાહી માટે કંઈક માપદંડ રાખવા જ પડશે, હવે બહુ થયું! નવી સરકાર જે કોઈ રચાશે તેની સામે પડકારવાળા ક્ષેત્રો ઘણાં છે. પ્રથમ કૃષિમાં પ્રવર્તમાન સમસ્યાઓ ઝડપથી ઉકેલવી પડશે. કેમકે બહુધા વસ્તી હજી કૃષિથી આવક મેળવી રહ્યો છે, જયાં રોજ રોજ નવા કૌભાંડો સામે આવતા જાય છે કૃષિની તંદુરસ્તી બહુ જ આવશ્યક છે. કૃષિ માટે સમયે ઈનપુસટસ મળે, સિંચાઈની વ્યવસ્થાઓ પણ ગોઠવાય, સિઝન પૂરી થાય ત્યારે લઘુત્તમ ભાવ ઉપજ ના મળે અને ચોમાસું નિષ્ફળ રહે તો સત્વરે વીમાનું રક્ષણ મળે... આટલું તો કમ સે કમ નક્કી થવું જોઈએ. જે ડિઝિટલ માધ્મથી પારદર્શક બનાવવું પડે તો કૃષિ કર્તા વર્ગની આપત્તિઓને રોકી શકાય. ખેડૂતોની બમણી આવક કરવાની વાતો ઉમદા સ્વીકાર્ય છતાં તેમાં સમય વધુ જોઈએ!

ખેતીની પેટર્ન ચેન્જ કરાવવાની ઝૂંબેશ ચલાવવી પડશે. યોજનાઓ વધવાથી લાભ વધતા નથી. અને રાષ્ટ્રને ફાયદા મળતા નથી, કેમકે ભ્રષ્ટાચાર તળિયા ઉપર અટકયો નથી એ સ્વીકારવું પડે તેમ છે. બીજું શિક્ષણ ક્ષેત્રે નવા નવા પ્રયોગોથી ત્રસ્ત થયું અને ફી એટલી બધી છે કે ભવિષ્યમાં કોઈ એવું પૂછશે કે ભાઈ તમારું સંતાન પ્રાથમિક શિક્ષણ લઈ શક્યું... અરે વાહ બહુ સારું કહેવાય ધોરણ સાત સુધી તમે તમારા બાળકને ભણાવ્યો. આટલું વ્યાપારીકરણ હરગીજ ઉચિત નથી. શિક્ષણ રાષ્ટ્રનું સાચું સંરક્ષણ છે. ત્યાં માબાપો બધુ ગુમાવીને સંતાનોના ઉજ્જવળ ભાવી માટે ઝંખના કરતા રહે છે અને શિક્ષણનાં પ્રમાણપત્રની માર્કેટ વેલ્યુ મળતી નથી. અર્થાત્ ભણી જાય છતાં ડિગ્રીના વિષયમાં કંઈ જ આવડે નહીં. આવું જો શિક્ષણ અપાતું રહે તો દેશની કેવી હાલત થાય... વાલીઓ માત્ર ધિરાણ કર્તા એકમો જેવા થઈ ગયા છે. શિક્ષણ ક્ષેત્રમાં સરળીકરણ અને ફી ઘટાડવા નક્કર કદમ ભરવા પડશે. સ્કૂલોની મનમાની હવે સાંખી લેવાય તેમ નથી કારણ કે આ માટે વાલીઓ પક્ષે સક્ષમતા રહી નથી. વારંવાર હવે અભ્યાસક્રમો બદલે, પદ્ધતિઓ બદલે એવું બંધ કરવાની જરૂરત ઉભી થઈ છે. પરિવારોના ખર્ચા વધતા જાય છે તેમ આવકો વધતી નથી. તેમાં પણ બચતના વ્યાજ ઉપર પણ ટેકસ કાપી લેવાય છે. આ સ્થિતિમાં નવા આયોજનની તાતિ જરૂરિયાત છે.

ત્રીજું રોજગારમાં નવી ભરતીઓ કરવા માટે વિચારવું પડશે. જે જગ્યાઓ ખાલી પડી છે. તેમાં તો ભરતી કરો. જજ (ન્યાયાધીશો)ની પણ ઘટ ચાલી રહી છે. તેથી પેન્ડિંગ કોર્ટ કેસો ઘટતા નથી. આ કડવી હકીકત છે. સેવાકિય ક્ષેત્રમાં રોજગાર વૃદ્ધિ શકય છે. ગ્રામ્ય સ્તરે પણ સરકારે નવી જોબ ઊભી કરવી પડે તેવા દિવસો આવી જ ગયા છે. આવક વૃદ્ધિ નથી તો કંઈ જ નથી તે નક્કિ વાત છે.

સરકારે ફિકસ વેતનવાળા કંન્સેપ્ટને ભૂલી જવો પડશે. બધું જ આઉટસોર્સ કરવાથી સામાજિક જીવનમાં ખૂબ જ વિકૃતિ આવશે ત્યાં પ્રજાહિત અગ્રતા ધરાવે છે તેમ માનવું વધુ વ્યાજબી છે. ન્યૂનતમ વેતનના કાયદાનું અમલીકરણ કરાવવું પડશે. આજે રોજનું કમાઈને દિવસો વિતાવતા પરિવારોની સ્થિતી દયાજનક છે. ઉચક ચૂકવીને કામો લેવા એ કારમી પીડાને જગ્યા આપવા જેવી બાબત છે !! યુવા વર્ગ જે શિક્ષિત છે તેઓ ભારત વતનને પ્યાર કરતા રહે તેવું જો ઈચ્છતા હોઈએ તો તેમને જોબ મળવી જ જોઈએ. કોમ્પ્યુટરર્સ આવ્યા બાત મેન્યુઅલ સિસ્ટમ નબળી પડી છે. નિષ્ણાતોનું મૂલ્ય રહ્યું નથી. છતાં ઘણા કાર્યો એવા છે કે ત્યાં મેનપાવર મહત્વનો હોય છે. શ્રમિતો સુખી નથી તો પછી આર્થિક વિકાસ દરની ટકાવારી ને ભૂલી જવાની કેમ કે એ શ્રમિક પ્રત્યે પરિવારનું એક અંગ છે જેને સંવેદનાઓ પણ છે, એ ઉપભોકતા પણ છે. માનવીને માનવ તરફથી હૂંફની જિજ્ઞાસા અને આશા હોય છે. વિકાસ યાત્રામાં લોકો જ મુખ્ય તત્વ હોય એ યાદ રાખીને આયોજન કરો તો પ્રશ્ન હળવો થઈ શકે છે. જળ પ્રબંધનમાં આપણે બધા આગ લાગે ત્યારે કૂવો ખોદવા નીકળીએ છીએ.

સરકારશ્રી એ માત્ર નર્મદાના નીરની વાતોથી આગળ વધી ગામવાર સ્થાનિક સ્ત્રોત રચવા, નિભાવવા માળખું અને જળનીતિ તૈયાર કરવા પડશે. પીવાનું પાણી તથા ખેતી માટે જળ પ્રથમ અગ્રતામાં અને ત્યારબાદ ઉદ્યોગો માટે એ મુજબ કાર્ય થાય અને જળચોરી વત્તા જળ પ્રદૂષણને કડક હાથે ડામવા બારેમાસ પ્રયાસો કરવા પડશે. સમાજ ઝંખે છે હાડમારીમાં કમી થાય અને જીવનમાં શાંતિ મળે માટે સરકારશ્રીને નમ્ર અપીલ છે કે હવે આ બાબતોમાં કાર્ય કરીને જનતાને રાહત આપે....

શેર આસ્વાદ :

સાંજ પડે મારૂ દ્વાર હું ખટખટાવું છું,
રોજ ખુદને ઉંચકીને હું ઘરે લાવું છું.

થોટ
નટવર આહલપરા

અનાસક્તભાવ

અનાસક્ત એટલે આસક્તિ વિનાનું અનાસક્ત ભાવ અને અનાસક્તિ અર્થાત્ આસક્તિ-લગનીનો અભાવ, નિઃસ્પૃહતા, નિર્મોહિતા. નિઃસ્પૃહ લોકો ફકીરની જેમ કામ કરતા હોય છે જેમ કે,

જાહોજલાલી એની નથી નાશ પામતી,

જેનું દિલ છે અમીર, ફકીરી લિબાસ છે.

આવા ફકીરોનું જીવન અનાસક્ત ભાવથી ભરેલું હોય છે. જેમાં આંતરિક સમાધાન નથી, એ જીવન જ નથી, આંતરિક સમાધાનનો અર્થ છે અનાસક્ત ભાવ, નિષ્કામ સેવા અને ભક્તિ. પણ આસક્તિને જાણી લઈએ. કેવા વિચિત્ર છે આ સંસારના રમણીય અને આકર્ષક દેખાતા પદાર્થો ?

એના ઉપભોગના આનંદ કરતાં માવજતની ચિંતાનું દુઃખ વધારે ! એ પદાર્થોની પ્રાપ્તિના આનંદ કરતાં પોતાના કરતાં બીજાને એ પદાર્થો વધુ ન મળી જાય તેની તડપનનું દુઃખ વધારે ! ઉપભોગ વખતના આનંદ કરતાં ઉપભોગ પછીના વિષાદનું દુઃખ વધારે ! દૂર કરો એ પદાર્થો પ્રત્યેની દુર્ગતિ ગામિની આસક્તિ.

આ આસક્તિમાં પતન થાય. અનાસક્તભાવ પતનથી માણસને દૂર રાખે છે. આ નિઃસ્પૃહતા જીરવવી કઠિન છે. આમ તો અનાસક્ત ભાવ એટલે નિર્લેપ થઈ જવું એમ પણ કહેવાય ! નિઃસ્પૃહી, અનાસક્ત ભાવ ધરાવતા લોકો તકલીફોમાં હસતા રહી વીરલા બનીને સેવા કરતા હોય છે. અનાસક્ત એટલે ઈચ્છાઓને સંતોષવાનો પ્રયાસ કરવા કરતાં ઈચ્છાઓને મર્યાદિત રાખતી વધુ સારી છે. અનાસક્ત ભાવથી માણસ હંમેશાં હળવોફૂલ રહે છે.